જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૧/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૩૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૧,૭૯,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# રામોલ પોલીસ સ્ટેશનના સ્નેચિંગના ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર

**એસ.ઓ.જી.:-**

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ એસ.ઓ.જી.ના હેડને લગતી તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની કામગીરી કરવા સારૂ સુચના કરેલ હોય.

જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચના સુપરવિઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી ડી.વી.હડાત નાઓના માર્ગદર્શન હેઠળ મ.સ.ઇ. અનોપસિંહ ચંદુભા બ.ન.૮૧૬૫ તથા અ.હે.કો. હરપાલસિંહ પવનસંગ બ.ન.૫૮૪૭ તથા અ.હે.કો. રાજેન્દ્રસિંહ ફતેસિંહ બ.ન.૩૮૧૪ તથા અ.હે.કો. ભાગ્યદીપ મહેશકુમાર બ.ન.૮૫૨૨ તથા અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ બ.ન.૫૬૦૪ નાઓ નાસતા-ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન મ.સ.ઇ. અનોપસિંહ ચંદુભા બ.ન.૮૧૬૫ તથા અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ બ.ન.૫૬૦૪ નાઓની સચોટ બાતમી હકિકત આધારે રામોલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૪૨૨૦૯૯૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ- ૩૭૯(એ)૪, ૧૧૪ મુજબના ગુનાના નાસતા-ફરતા આરોપી પપ્પુ વિનોદભાઇ ચુનારા ઉ.વ.૧૯ રહે. કુશાભાઇ ઠાકરેનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાને વટવા કુશાભાઇ ઠાકરે ચાર માળીયા ખાતેથી આજ-રોજ તા.૧૨/૧૧/૨૦૨૨ ના કલાક. ૧૬/૧૫ વાગ્યે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી કરવા સારૂ રામોલ પો.સ્ટે. ને સોંપવા તજ-વીજ કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારીઓ:**

(૧) મ.સ.ઇ. અનોપસિંહ ચંદુભા બ.ન.૮૧૬૫

(૨) અ.હે.કો. હરપાલસિંહ પવનસંગ બ.ન.૫૮૪૭

(૩) અ.હે.કો. રાજેન્દ્રસિંહ ફતેસિંહ બ.ન.૩૮૧૪

(૪) અ.હે.કો. ભાગ્યદીપ મહેશકુમાર બ.ન.૮૫૨૨

(૫) અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ બ.ન.૫૬૦૪



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૦૦૨૩૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા (૨) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૧૧૪૧૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯,૫૧૧,૧૧૪ મુજબ તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૭૪૯/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૬૦/૨૦૨૨ તા.૧૨/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૨/૧૧/૨૦૨૨ ના કલાકઃ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-**

રવિન્દ્ર ઉર્ફે બંટી પ્રવીણભાઈ પટેલ ઉ.વ.૩૩ રહે.મુખીવાસ સૈજપુર ટાવર ચોરા પાસે સૈજપુર બોઘા નરોડા રોડ અ'વાદ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. શ્રી એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



## <u>રાણીપ પોલીસ સ્ટેશનઃ</u>

## મિલ્કત તથા શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મેહરબાન પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આગામી વિધાનસભા ચુંટણી અનુસંધાને અમદાવદ શહેરમાં અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવા તથા અસામાજીક પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને અગાઉ (૧) વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૩૨૧૨૦૮૫/૨૦૨૧ ધી ઇ.પી.કો. કલમ ૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૩૬૬/૨૦૨૨ ધી ઇ.પીકો. કલમ ૩૭૯,૪૧૧ મુજબના શરીર તેમજ મિલકત સબંધી ગુનાના કામે પકડાયેલ આરોપી જગદીશ ઉર્ફે જગ્ગુ અનિલભાઇ વણઝારા ઉં.વ.૨૧ ધંધો-છુટક મજુરી રહે.મકાન નંબર ૨૨૮/૦૮ જય મહાદેવ , ઔડાના મકાન , હરીઓમ એપાર્ટમેન્ટ ની સામે નવા વાડજ અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/ પીસીબી/ડીટીએન/પાસા/૯૫૯/૨૦૨૨ તા.૧૨/૧૧/૨૦૨૨ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૧૨/૧૧/૨૦૨૨ ના કલાક ૧૯/૦૦. વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### <u>કામગીરી કરનાર કર્મચારી</u>

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.લો.ર.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯૧ કેસ કરી, ૧૮૩ વ્યક્તિઓને ઝડપી, ૬૭૫ લીટર દેશી દારૂ, ૪૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૮ બીયરટીન, ૦૧ રીક્ષા, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૪૨/૨૦૨૨

**વટવા જી.આઇ.ડી.સી.**:- કૃણાલભાઇ જયંતીભાઈ ગઢીયા (ઉ.વ.૩૦)(રહે.આકૃતી સોસાયટી વસ્ત્રાલ) એ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૧૪/૧૦/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન વટવા જીઆઇડીસી હાથીજણ સર્કલ પાસે અંબા એસ્ટેટ શેડ નંબર-૦૪ ખાતે આવેલ "કૃણાલ ઈન્ડસ્ટ્રીઝ" કંપનીનુ શટર તોડી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી કંપનીમાંથી (૧) વેલ્ડીંગ મશીન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૨) કેબલ હોલ્ડરનો વાયર કિંમત રૂપિયા ૬,૦૦૦/- (૩)મોટુ ગ્લેન્ડર કિંમત રૂપિયા ૬,૦૦૦ (૪) કટર મશીન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- (૫) મોટી કટર ડીશ પેટી કિંમત રૂપિયા ૭,૦૦૦/- (૬) ગ્લેંડરની પોલીશ ડીશ પેટી કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૭)૨૦ એમ.એમ પ્લેટ કિંમત રૂપિયા ૧૩,૦૦૦/- (૮)૨૫ એમ.એમ પાટા નંગ-૪૦ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૯)૧૬ એમ.એમ પાટા નંગ-૩૦ કિંમત રૂપિયા ૮,૦૦૦/- (૧૦)૨૦ એમ.એમ પાટા નંગ-૨૦ કિંમત રૂપિયા ૬,૦૦૦/- (૧૧)૦૬/૫૦ ની ચેનલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૧૨)૧૦૦/૫૦ ની પાઈપ નંગ-૦૫ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૧૩)૧૨ એમ.એમ. પ્લેટ નંગ-૧૦ કિંમત રૂપિયા ૨,૦૦૦ (૧૪) ૧૬ એમ.એમ.પ્લેટ નંગ-૦૮ કિંમત રૂપિયા ૨,૦૦૦ (૧૫) ૫૦/૧૨ ના પાટા નંગ-૧૦ કિંમત રૂપિયા ૧,૦૦૦ (૧૬) ૧૦૦/૫૦ ની ચેનલ નંગ-૧૦ કિંમત રૂપિયા ૨,૦૦૦ (૧૭)૦૮ એમ.એમ પ્લેટ નંગ-૧૦ કિંમત રૂપિયા ૨,૦૦૦/- (૧૮)૧૦૦/૭૦૦ પ્લેટ નંગ-૧૦ કિંમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** જીજ્ઞેશભાઇ જયંતિભાઇ મોરાણીયા (ઉ.વ.૩૯)(રહે,મણીલાલનગર, ધનજીભાઇના કુવા પાસે, ચાંદલોડીયા બ્રીજની બાજુમાં, ચાંદલોડીયા) એ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકૂચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૪૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ** **સમાચાર યાદી નં.૨૦૪૩/૨૦૨૨**

**નરોડાઃ** રમેશભાઇ બચુભાઇ ઓડ(ઉ.વ.૪૭)(ધંધો-ડ્રાઇવીંગ)(રહે.સંજયનગર, સૂર્યનગરની બાજુમા, નાના ચીલોડા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૨ બપોરના ૩/૦૦ થી તા.૧૨/૧૨/૨૨ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન નાના ચીલોડા સૂર્યનગરની બાજુમા આવેલ દર્શન વે-બ્રીજની નામની કંપનીના ગેટની બાજુમા ખુલ્લી જગ્યામા પાર્ક કરેલ પોતાની આઇસર ટ્રક નંબર જીજે.૦૨.ઝેડ.૫૩૦૦ કિંમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૪/૨૦૨૨**

**ચાંદખેડાઃ** જીતેન્દ્રકુમાર તીર્થેભાઇ ચંદાની (ઉ.વ.૫૩)(રહે.રાજેશ્વરી સોસાયટી, ચાંદખેડા)એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર ટર્પેંટાઇન છાંટી આગ લગાવતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૧૧/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લાલુભાઈ કાવજીભાઈ ચલાવે છે.

**મણીનગરઃ** સમીકભાઇ મુકેશભાઇ શાહ (ઉ.વ.૪૨)(રહે.શાંતી ફ્લેટ મુક્તી મેદાન મણીનગર) અને અર્પિતાબહેન સમીકભાઇ શાહ (ઉ.વ.૩૬)(રહે.શાંતી ફ્લેટ મુક્તીમેદાન મણીનગર) બંને એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૨ સાંજના ૪/૦૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે બંને ને મણીનગર એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગે સમીકભાઇને અને તા.૧૨/૧૧/૨૨ ના કલાક ૭/૩૦ વાગે અર્પિતાબહેન ને ફરજ પરના ડો.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી